સુરતના નવા કલેક્ટર તેજસ પરમાર સાથે 'ગુજરાતમિત્ર'ની અંતરંગ વાતો

'ભારત વર્લ્ડકપ જિત્યું ત્યારે ડુમસ ખાતે ઉજવણીમાં ભેગા થયેલામાં હું પણ હતો'

કોલેજ કેમ્પસમાંથી મને મળેલી મારી પહેલી જોબ સુરતમાં જ હતી

નર્મદ લાઈબ્રેરીમાં જવાને કારણે મારો કવિ નર્મદ સાથે નાતો જોડાયો, જે આજે પણ ચાલુ છે

વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો.

સુરત: સુરતની જ SVNIT કોલેજમાંથી બી.ટેકનો મિકેનિકલ એન્જિ નિયરિંગનો અભ્યાસ કરનાર મૂળ બનાસકાંઠાના પાલનપુરના વતની તેજસ દિલીપભાઈ પરમારની સુરતના નવા કલેક્ટર તરીકે વરણી કરવામાં આવી છે.

સુરત શહેરના મિજાજ અને ભૌગોલિક પરિસ્થિતિથી પરિચિત તેજસ પરમાર 2016ની બેચના IAS અધિકારી છે. તેમણે UPSC પરીક્ષામાં સમગ્ર ભારતમાં 310મો રેન્ક મેળવ્યો હતો અને તેઓ પાલનપુરના પ્રથમ આઈએએસ બન્યા હતા.

નવા કલેક્ટર તેજસ પરમારે 'ગુજરાતમિત્ર' સાથેની ખાસ મુલાકાતમાં પુછાયેલા પ્રશ્નોના જવાબમાં પોતાની અનેક અંતરંગ વાતો શેર કરી હતી.

પ્રશ્ન: સુરત સાથેના તમારા સંભારણા...

જવાબ: પહેલી વાર અભ્યાસર્થે ઘરની બહાર નીકળીને જ્યાં આવી પહોંચ્યો, એ શહેર એટલે સુરત. ૨૦૧૧માં ભારત વર્લ્ડ કપ જીત્યું એની ઉજવણી માટે ડુમસ ખાતે મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ ગયેલા. એમાં હું પણ એક હતો. એ આખો માહોલ અભૂતપૂર્વ હતો. ચોથા વર્ષમાં ભણતો હતો એ દરમિયાન જ કોલેજ પ્લેસમેન્ટ થકી જે પહેલી જોબ મળી, એ પણ સુરતમાં મળી. 'ગુજરાતમિત્ર' સૌથી જૂનામાં જૂનું અને પ્રતિષ્ઠિત અખબાર છે. ઘણીવાર એના લેખો ય વાંચ્યા છે.

પ્રશ્ન: યુપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અંગ્રેજીનું જ્ઞાન જરૂરી છે. તમે પોતે ગુજરાતી બેકગ્રાઉન્ડમાંથી આવો છો. તમારો અનુભવ કેવો રહ્યો?

જવાબ: મેં બારમા ધોરણ સુધીનો અભ્યાસ ગુજરાતીમાં કરેલો. એટલે કોલેજના પ્રથમ બે સેમેસ્ટરમાં બહુ તકલીફ પડી, માર્ક્સ ઓછા પણ ઓછા આવ્યા. એ સમય બહુ આઘાતજનક હતો. પણ પછી ખૂબ મહેનત કરી અને અંગ્રેજીમાં નોટ્સ બનાવવાની શરૂઆત કરી. નર્મદ લાઈબ્રેરીમાં સભ્યપદ લીધું અને અંગ્રેજી ભાષામાં નવલકથાઓ સહિતના પુસ્તકો વાંચવા માંડ્યા. એનાથી મારું અંગ્રેજી સુધાર્યું. પછી તો હું આખા ડિપાર્ટમેન્ટમાં સેકન્ડ રેન્ક સાથે પાસ થયો.

પ્રશ્ન: આપ ખુદ સાહિત્યના ભાવક છો, સુરતના સંભારણા અને નર્મદ લાઈબ્રેરી વિષે પણ વાત આપે કરી, શું કવિ નર્મદના સાહિત્ય સાથે પણ કોઈ નાતો જોડાયો?

જવાબ: 'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે....' આ કવિતા તો આપણે સ્કુલમાં ભણ્યા જ છીએ. યુપીએસસીની પરીક્ષા વખતે મેં વૈકલ્પિક વિષય તરીકે ગુજરાતી ભાષા પસંદ કરેલી. એમાં નર્મદની આત્મકથા 'મારી હકીકત' ભણવામાં આવતી. નર્મદ સુધારક યુગનો સાહિત્યકાર ગણાય. એમના 'દાંડિયો' જેવા પ્રકાશનોમાં કરસનદાસ મુળજીના 'મહારાજ લાયેબલ કેસ' સહિતની સુધારાવાદી ચર્ચાઓ થતી. નર્મદ સાહિત્યકાર સાથે સમાજસુધારક પણ હતો. સુરતમાં નર્મદ લાઈબ્રેરીમાં જવાને કારણે નર્મદ સાથેનો મારો નાતો જોડાયો, જે પછી સાહિત્યકૃતિઓ અને સમાજ સુધારણાના વિચારો સુધી ચાલુ રહ્યો છે.

પ્રશ્ન: ભણતરમાં અંગ્રેજીનું મહત્વ વધી રહ્યું છે, ગુજરાતીનું શું?

જવાબ: જે રાજ્યમાં નોકરી કરતા હોઈએ, ત્યાંની સ્થાનિક ભૂગોળ જ નહિ પણ ભાષા અને સંસ્કૃતિ પણ અપનાવવી પડે છે. તમે જોશો કે પશ્ચિમના યુરોપિયન દેશો પોતાની ભાષાને હજી સુધી વળગી રહ્યા છે. છેલ્લા દસેક વર્ષો દરમિયાન ભારતમાં પણ માતૃભાષાનું મહત્વ વધ્યું હોવાનું જણાય છે. કોમ્પ્યુટર્સ અને ઈન્ટરનેટ પર હવે ગુજરાતીમાં કામ થઇ શકે છે. ઇવન આર્ટીફીશીયલ ઇન્ટેલિજન્સ પાસે પણ ગુજરાતીમાં ઉત્તર મેળવી શકાય છે. હવે તો ગુજરાતી ફિલ્મો અને પોડકાસ્ટ પણ જોવાતા થયા છે. હા, વાચન કદાચ ઘટ્યું એ ખરું, તેમ છતાં ગુજરાતમિત્ર જેવા અખબારોએ ગુજરાતી ભાષા ટકાવી રાખવામાં સારો ફાળો આપ્યો છે. સારું કન્ટેન્ટ લોકો જુએ જ છે.

પ્રશ્ન: સરકારી વહીવટમાં ઘણી વાર બૌદ્ધિક ક્ષમતા અને સંવેદનશીલતા વચ્ચે પસંદગી કરવી પડે છે, તમે કઈ રીતે બેલેન્સ કરો છો?

જવાબ: શાંતિથી બધાની વાત સાંભળવાની કોશિશ કરું છું. કોઈકની સમસ્યાનો ઉકેલ ન હોય તો અરજદારને પ્રેમથી સમજાવવા પડે. કામની જવાબદારી વધે એટલે સ્ટ્રેસ તો વધે જ. પણ એ સ્ટ્રેસનો ભોગ કોઈ નિર્દોષ વ્યક્તિ ન બની જાય તેનું ધ્યાન રાખવું પડે. એ માટે અધ્યાત્મિક પુસ્તકોનું વાચન, મેડિટેશન વગેરે ઉપયોગી સાબિત થાય છે.

પ્રશ્ન: એક વ્યક્તિ તરીકે જો તેજસ પરમારને સુરત શહેરમાં આખો દિવસ મુક્તપણે વિતાવવાની તક મળે, તો કઈ રીતે વિતાવશો? શહેરના કલેક્ટર તરીકે કે વિદ્યાર્થી તરીકે?

જવાબ: ચોક્કસપણે વિદ્યાર્થી તરીકે દિવસ વિતાવવાનું પસંદ કરીશ. કલેક્ટર તો એક હોદ્દો છે, જે આજે છે અને કાલે નથી. હોદ્દો તો એક જવાબદારી કહેવાય. હું તો આજે ય ઘણી વાર મારી કાર જાતે ડ્રાઇવ કરીને જતો હોઉં છું. વિદ્યાર્થી જીવનની અલગ જ મજા છે. કોઈ પણ હોદ્દાના ભાર વિના તમે હરીફરી શકો છો.

પ્રશ્ન: સુરતની કઈ બાબત મિસ કરો છો?

જવાબ: મિત્રતા. બારમા ધોરણ સુધી માતા-પિતાની છત્રછાયામાં રહીને ભણ્યા. કોલેજમાં અહીં આવ્યા, પછી એકલતા વેઠવી પડી. એ વખતે મિત્રોનો જ સહારો હતો. એ વખતે જે મિત્રો હતા, એમની સાથેનો નાતો આજે ય અકબંધ છે. હોસ્ટેલમાં ઘણા તોફાનો ય કર્યા... એક વખત તો અમારી સામે શિસ્તભંગના પગલા ય લેવાયેલા! કોલેજના ફેસ્ટિવલ્સ વખતે પણ મિત્રો સાથે ઘણું કામ કર્યું. કોલેજ તરફથી બાળકોને ભણાવવા જેવા સામાજિક જવાબદારી ધરાવતા કામો પણ કર્યા. કોલેજની ક્રિકેટ ટીમ તરફથી પણ હું રમ્યો છું. આવા તો અનેક સંભારણા છે, જે બધું આજે મિસ કરું છું.

કિડીયા બેટના બાયોડીઝલ કાંડમાં વધુ એક પકડાયો

પકડાયેલો મોનીલ પટેલ પોલીસ દરોડા દરમિયાન જગ્યા પરથી ભાગી છૂટ્યો હતો

સુરત: કિડીયા બીચના બાયોડીઝલ કાંડમાં પોલીસે વધુ એક આરોપીને ઝડપી પાડ્યો હતો. ચાર દિવસ પહેલા ડુમસના કુખ્યાત કિડીયા બીચ પર પોલીસે ચોરીનું બાયોડિઝલ ઝડપી પાડ્યું હતું. પોલીસે દરોડો પાડીને ત્યાંથી ૨૦૦ લિટરની ક્ષમતાવાળા ૧૬ પ્લાસ્ટિકના બેરલ કબજે કર્યા હતા. આ બેરલોમાંથી કુલ ૩૨૦૦ લિટર કેમિકલ (બાયોડીઝલ) મળી આવ્યું હતું, જેની બજાર કિંમત ૭૫ પ્રતિ લિટર લેખે કુલ ૨,૪૦,૦૦૦ આંકવામાં આવી છે. દરિયાકિનારે આટલી મોટી માત્રામાં જ્વલનશીલ પદાર્થ રાખવાથી મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ હતી. આ મામલે પોલીસે સુલતાનાબાદની શિવશક્તિ બાગ સોસાયટીમાં રહેતા આરોપી મહેશ અમૃતભાઈ પટેલની સ્થળ પરથી ધરપકડ કરી લીધી હતી. જ્યારે આ ગેરકાયદે કેમિકલનો જથ્થો પૂરો પાડનાર ભીમપોર ગામના રામબાગ ફળિયાનો રહીશ મોનીલ રસિકભાઈ પટેલને વોન્ટેડ જાહેર કરાયો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને એક ટીમે આજે શનિવારના રોજ મોનીલ પટેલને પકડી પાડ્યો છે.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

ભાજપ યુવા નેતાના હત્યા કેસમાં વધુ બે ઝડપાયા

દારૂની પાર્ટીમાં જ જયને પતાવી દેવાની ચર્ચા કરીને હત્યારાઓ નીકળ્યા હતા

સુરત : ઉધનામાં યુવા ભાજપના નેતાની હત્યા કરવામાં મુખ્ય ત્રણ આરોપીઓમાંથી એકની ઉધના પોલીસે ધરપકડ કર્યા બાદ તેને મદદગારી કરનારા અન્ય બે આરોપીની પણ ધરપકડ કરી છે.

ગયા રવિવારે રાત્રે ભાજપના યુવા નેતા જય દલાલની કિશન ઉર્ફે ચકલી, પંકજ પાટીલ અને મિલિન્દ કોળીએ સરાજાહેર હત્યા કરી હતી. જેમાં મિલિન્દ નવલ કોળી (ઉ.વ.30, રહે: ગણેશનગર સોસાયટી, જમનાપાર્કની બાજુમાં, નવાગામ-ડિંડોલી, મૂળ વતન: ગાદલી ગામ, જલગાંવ, મહારાષ્ટ્ર), શુભમ્ જ્ઞાનેશ્વર પાટીલ (ઉ.વ.25, રહે: ખોડિયારનગર, નવગામ-ડિંડોલી, મૂળ વતન:પીપાળખેડ ગામ, જલગાંવ, મહારાષ્ટ્ર)અને રોહિત ગૌત્તમ સોનવણે (ઉ.વ. 23, રહે: મહાદેવનગર-3, ડિંડોલી)ને મહારાષ્ટ્રમાંથી પકડી પાડ્યા છે.

તપાસનીશ અધિકારી પોઈ આર.એમ. ઠાકોરે કહ્યું હતું કે હત્યા વખતે કિશન ઉર્ફે ચકલી, પંકજ પાટીલ અને મિલિન્દ કોળી હાજર હતા. એટલે કે ત્રણ હત્યારામાંથી એક હત્યારો મિલિન્દ પકડાયો છે. જ્યારે બાકીના બે પકડાયા છે તે જ્ઞાનેશ્વર અને રોહિતે મદદગારી કરી હતી. જે બંને પણ હત્યાની ઘટના બાદ મહારાષ્ટ્રમાં નાસી છૂટ્યા હતા.

આધારભૂત પોલીસ સૂત્રોમાંથી સાંપડતી માહિતી મુજબ પકડાયેલા જ્ઞાનેશ્વર અને રોહિતે એવી કબૂલાત કરી છે કે પાંચેય જણા એક જગ્યાએ દારૂની પાર્ટીમાં સાથે જ હતા. જ્યાં જય દલાલની હત્યા કરવાની વાત થઈ હતી જ્યાંથી પાંચેય સાથે જ આવ્યા હતા પણ હત્યામાં તેની જરૂર ન પડતાં એ બંને હુમલો કરવામાં ન હતા. બંનેની આ કબૂલાતના આધારે કાવતરું ઘડવાની કલમનો ઉમેરો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

પંકજ પાટીલ પણ પકડાયો હોવાની ચર્ચા

યુવા ભાજપના નેતા જય દલાલની હત્યામાં સંડોવાયેલા ત્રણ હત્યારામાંથી એક હત્યારો મિલિન્દ પકડાયા બાદ પંકજ દૌલત પાટીલ પણ પકડાઈ ચૂક્યો હોવાની ચર્ચા છે. પોલીસ આ વાતને સત્તાવાર સમર્થન આપતી નથી. બિનસત્તાવાર રીતે જાણવા મળતી માહિતી મુજબ પંકજ પાટીલ પણ મહારાષ્ટ્રમાંથી પોલીસને હાથ લાગ્યો છે. જેને સાથે રાખી કિશન ઉર્ફે ચકલીને પકડવાની કામગીરી પોલીસ કરી રહી છે.

કાંસાનગર બ્રિજ સાઇટ પર સેફ્ટી વગરના કામની ખુલ્લી બેદરકારી

સુરત : કતારગામના ગજેરા સર્કલ-કાંસાનગર સ્થિત નિર્માણાધીન બ્રિજ સાઇટનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા મનપા તંત્ર અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. વાયરલ વીડિયોમાં એક શ્રમિક જમીનથી અંદાજે 30થી 40 ફૂટ ઊંચાઈ પર કોઈપણ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા વિના કામ કરતો નજરે પડે છે. બ્રિજના સેન્ટરિંગ અને લોખંડના સળિયા ગોઠવવાના જોખમી કામ દરમિયાન કામદારે હેલ્મેટ કે સેફ્ટી શૂઝ પહેર્યા નથી. સૌથી ગંભીર બાબત એ છે કે ઊંચાઈ પર કામ કરવા માટે ફરજિયાત ગણાતા સેફ્ટી બેલ્ટ તેમજ નીચે સેફ્ટી નેટ જેવી વ્યવસ્થા પણ ગાયબ જોવા મળી હતી. કામદાર બ્રિજની સાંકડી ધાર પર સંતુલન જાળવીને કામ કરતો દેખાતા અકસ્માતની ભીતિ સર્જાઈ છે.

સુમન શાળામાં 341 શિક્ષક, પટાવાળાની ભરતી કરાશે

નવી શાળાઓ શરૂ કરવાની તૈયારી સાથે આઉટસોર્સિંગથી ભરતી પ્રક્રિયા શરૂ

સુરત: મહાનગરપાલિકા દ્વારા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના બાળકો માટે સુમન હાઈસ્કૂલોમાં શરૂ કરવામાં આવી છે. હાલ શહેરની વિવિધ સુમનશાળાઓમાં 15 હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પાલિકા દ્વારા નવી સ્કૂલો શરૂ કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. સાથે જ શિક્ષણ વ્યવસ્થા વધુ મજબૂત બને તે માટે 341 જેટલા શિક્ષકો અને પટાવાળાની ભરતી પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. મીની ભારત તરીકે ઓળખાતા સુરત શહેરમાં દેશના વિવિધ રાજ્યોમાંથી લોકો રોજગારી માટે આવી સ્થાયી થયા છે. તેમના બાળકોને પોતાની માતૃભાષામાં શિક્ષણ મળી રહે તે માટે પાલિકા દ્વારા ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, મરાઠી અને ઉડિયા સહિતની ભાષાઓમાં અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણની સાથે ધોરણ 9થી 12 સુધીનું શિક્ષણ પણ સુમનશાળાઓમાં આપવામાં આવે છે. હાલ શહેરમાં કુલ 260 વર્ગોમાં 15,254 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. નવી શાળા શરૂ કરવાની તૈયારી સાથે શિક્ષકો, પટાવાળાઓ અને અન્ય સ્ટાફની જરૂરિયાત પણ વધતા પાલિકા દ્વારા આઉટસોર્સિંગથી કુલ 341 જગ્યાઓ ભરવા માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મનપાના આ નિર્ણયથી શિક્ષણ વ્યવસ્થાને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરદાર પુલ પર અકસ્માતમાં સિવિલ એન્જિનિયરનું મોત

એન્જિનિયર યુવક કામ પૂરું કરીને સાઇટ પર જઈ રહ્યો હતો, ત્યારે અકસ્માત સર્જાયો

સુરત: અડાજણ સરદાર બ્રિજ ઉતરતી વખતે બાઇક ડીવાઈડર સાથે અથડાતાં સિવિલ એન્જિનિયરનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. કામ પૂરું કરીને સાઇટ પર જતી વખતે અકસ્માત સર્જાયો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશ આઝમગઢ જિલ્લાના વતની અનંતકુમાર ઉપાધ્યાય હાલ પાંડેસરા બમરોલી રોડ પર આવેલ ગણપતનગરમાં પરિવાર સાથે રહે છે અને દૂધની ડેરી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના સંતાન પૈકી એકનો એક 34 વર્ષીય પુત્ર ઉમેશચંદ્ર સિવિલ એન્જિનિયર હતા. શુક્રવારે સાંજે ઉમેશચંદ્ર સાઇડના કામથી બહાર નીકળ્યા હતા. કામ પૂરું કરીને તેઓ બાઇક પર કન્ટ્રક્શનની સાઈટ પર પરત જવા માટે નીકળ્યા હતા. દરમિયાન અડાજણ સરદાર વલ્લભભાઈ પટેલ બ્રિજ પરથી પસાર થઈ ગુજરાત ગેસ સર્કલ તરફ જતાં હતા ત્યારે બ્રિજના રોડ પર બાઈક ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેમાં ગંભીર ઈજાને પગલે ઉમેશચંદ્રનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે વધુ તપાસ અડાજણ પોલીસ કરી રહી છે.

મ.પ્ર.માં એડમિશન માટે નકલી ડોક્ટર-ટ્રસ્ટીની 8.85 લાખની ઠગાઈ

ડિંડોલીના કેમિસ્ટને બોગસ એડમિશન લેટર, ડિગ્રી સર્ટિ. પણ મોકલ્યાં, પૈસા પરત માંગતા ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી

સુરત: ડિંડોલી ખાતે આવેલા વિનાયક એન્કલેવમાં રહેતા ૪૦ વર્ષીય દેવેન્દ્રસિંહ શંભુરામ પટેલ નવાગામ ડિંડોલી રામનગર વિસ્તારમાં 'જય ભવાની મેડિકલ સ્ટોર' નામે વ્યવસાય કરે છે. ગત ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન તેમની મુલાકાત કથિત તબીબ ડૉ. વિજય એસ. રાઠોડ સાથે થઈ હતી. આ મુલાકાત દરમિયાન વિજય રાઠોડે પોતે મધ્યપ્રદેશની સોફિયા કોલેજના ટ્રસ્ટી મહેન્દ્ર બાંગરના અંગત પરિચિત હોવાની મોટી-મોટી વાતો કરી હતી. દેવેન્દ્રસિંહે પોતાના બાળકના એડમિશન માટે રસ દાખવતા, વિજય રાઠોડે વગદારી વાપરી એડમિશન કરાવી આપવાની ખાતરી આપી હતી. તેના ભરોસામાં આવીને વેપારીએ કટકે-કટકે રૂ.૩.૮૫ લાખ ઓનલાઈન બેન્કિંગ મારફતે અને રૂ.૪.૭૦ લાખ રોકડા મળી કુલ રૂ.૮.૮૫ લાખની મસમોટી રકમ ચૂકવી દીધી હતી. ડૉ. વિજય રાઠોડ અને કથિત ટ્રસ્ટી મહેન્દ્ર બાંગરે દેવેન્દ્રસિંઘને સોફિયા કોલેજનો ઓફર લેટર, જીવાજી યુનિવર્સિટીની માર્કશીટ, ડિગ્રી સર્ટિફિકેટ તેમજ કાઉન્સિલનું રજિસ્ટ્રેશન વગેરે દસ્તાવેજો વોટ્સએપ પર મોકલી આપ્યા હતા. જો કે, વેપારીએ જ્યારે આ શંકાસ્પદ દસ્તાવેજોની ઝીણવટભરી ખરાઈ કરાવી ત્યારે તમામ શૈક્ષણિક પ્રમાણપત્રો અને ડિગ્રીઓ તદ્દન બોગસ અને ફૂટબચિત હોવાનું બહાર આવ્યું હતું.

આ દરમિયાન વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આરોપી વિજય રાઠોડ પાસે કોઈ માન્ય તબીબી પદવી ન હોવા છતાં તે બજારમાં ડોક્ટર તરીકે રોફ જમાવતો હતો, જ્યારે મહેન્દ્ર બાંગર પણ કોઈ કોલેજનો ટ્રસ્ટી કે પ્રોફેસર નહોતો. પોતાના જ નાણાં પરત માંગતા બંને ઠગે વેપારીને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપી ભગાડી મૂક્યા હતા. આખરે દેવેન્દ્રસિંઘ પટેલે ડિંડોલી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

જમીન વેચવાની છે
મોજે ગામ કઠોર માં બિનખેતીની SMC વિસ્તારમાં ૩૦ મીટરનાં મેઈન રોડ ટચ ૮૫૦૦ ચો.વાર ફાયનલ પ્લોટ કોમર્શીયલ જમીન સ્વાગત રેસીડેન્સીની સામે વેચવાની છે.
M. 8347476444

CM આજે શહેરમાં: સિટી, BRTS બસોના રૂટ ડાયવર્ટ

સાંજે 4થી 7 વાગ્યા દરમિયાન રૂટ ડાયવર્ટ કરવાનો નિર્ણય

સુરત: રવિવારે શહેરમાં મુખ્યમંત્રી આવવાના હોવાથી ટ્રાફિક વ્યવસ્થાને લઈ સુરત મનપા દ્વારા સિટી બસ અને બીઆરટીએસના રૂટો ડાયવર્ટ કરવામાં આવ્યા છે. સાંજે 4થી 7 વાગ્યા દરમિયાન બસોની સેવા અન્ય રૂટ પર ડાયવર્ડ કરવાનો નિર્ણય લેવાયો છે. મુખ્યમંત્રીના આવા-જવાના સંભવિત રૂટોમાં સુરત રેલવે સ્ટેશનથી વાલક પાટિયા (સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજની વાડી-જમનાબા ભવન) સુધી વરાછા, કાપોદ્રા, નાના વરાછા અને સીમાડા નાકા ઓવરબ્રિજ થઈને તેમજ સુરત રેલવે સ્ટેશનથી સરકીટ હાઉસ સુધી દિલ્હીગેટ, લાલ દરવાજા, ગોટાલાવાડી-વેડ દરવાજા ઓવરબ્રિજ, ચંદ્રશેખર આઝાદ બ્રિજ, ગુજરાત ગેસ સર્કલ અને અઠવાગેટ સર્કલ થઈને રૂટ નક્કી કરાયા છે. જેમાં રૂટ નંબર 12 થી 23ને અસર થશે જો કે એકપણ રૂટ સપૂર્ણ બંધ કરવામાં આવ્યો નહીં.

વેસુમાં દીવાલમાં હોલ પાડતા યુવકને વીજ કરંટ લાગતા મોત

સુરત: વેસુમાં દિવાલમાં હોલ પાડતા યુવકને વીજ કરંટ લાગતા મોત નીપજ્યું હતું. મૂળ રાજસ્થાનના વતની મુકેશ બાબરભાઈ ભુરીયા (ઉં.વ.35) હાલ વેસુ ખાતે રોક ફિલર નામની નવી બંધાતી બિલ્ડિંગમાં રહેતો હતો અને મજૂરી કામ કરતો હતો. શનિવારે બપોરે મુકેશ સાઈડ પર દિવાલ પર હોલ પાડવા માટે ડ્રિલ મશીન સાથે કામ કરી રહ્યો હતો. ત્યારે મશીનમાં જોડેલો વાયર છૂટો પડી ગયો હતો.

પારુલ વડગામાએ ઇનચાર્જ તબીબી અધિક્ષકનો ચાર્જ લીધો

સુરત : સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં નવા ઈન્ચાર્જ તબીબી અધિક્ષક તરીકે પદભાર સંભાળતા જ ડૉ. પારુલ વડગામાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હવે હોસ્પિટલમાં માત્ર સારવાર નહીં, પરંતુ દર્દીઓ અને તેમના પરિવારજનોને વધુ માનવીય અને સન્માનજનક વ્યવહાર મળે તે પણ તંત્રની પ્રાથમિકતા રહેશે. પ્રથમ જ દિવસે તેમણે પોસ્ટમોર્ટમ રૂમ, મોર્ચ્યુરી અને વિવિધ વોર્ડની અચાનક મુલાકાત લઈ હોસ્પિટલની વાસ્તવિક સ્થિતિને નજીકથી પરખી હતી.

નિરીક્ષણ દરમિયાન ડૉ. પારુલ વડગામાએ વિવિધ વોર્ડમાં જઈ દર્દીઓના હાલચાલ પૂછ્યા હતા. તેમણે નર્સિંગ સ્ટાફ અને ડોક્ટરોને સૂચના આપી કે હોસ્પિટલમાં આવતા ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ સાથે વધુ સંવેદનશીલતા અને સન્માનપૂર્વક વર્તવું જરૂરી છે. તેઓ માત્ર કેસ નથી માનવી છે.

ઘણીવાર સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા વધુ હોવાથી વ્યવહારની નરમાઈ ગાયબ થઈ જાય છે. આવી સ્થિતિમાં નવી વ્યવસ્થા માનવિય અભિગમને પ્રાથમિકતા આપવી જોઈએ. નિરીક્ષણ દરમિયાન AHA, RMO ડૉ. કેતન નાયક, ઈન્ચાર્જ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ ઈકબાલ કડીવાલા, ફોરેન્સિક વિભાગના વડા ડૉ. ચંદ્રેશ ટેલર, PIU અને ઈલેક્ટ્રિક PIUના અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

યોગી ચોકમાં ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ

સુરત: સુરતના યોગીચોકથી કિરણચોક તરફ જતાં રોડ પર આવેલી બાળકોની લિટલ સ્ટાર હોસ્પિટલના સ્ટોર રૂમમાં શનિવારે બપોરના સમયે અચાનક કોઈ કારણસર આગ ફાટી નીકળી હતી. આ અકસ્માત અંગેની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા જ તાત્કાલિક ધોરણે બે અલગ-અલગ ફાયર સ્ટેશનની બે ગાડીઓ સાથે ફાયર લાશ્કરોનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાઇટરોએ હોસ્પિટલમાં પહોંચીને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી અને સતત પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે અંદાજે પોણોથી એક કલાક સુધી સતત પાણીનો છંટકાવ કરીને આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. ફાયર જવાનોની સમયસૂચકતા અને ત્વરિત કામગીરીને કારણે આગ વધુ ફેલાતી અટકી હતી, જેના લીધે આજુબાજુમાં આવેલી અન્ય દુકાનો અને આખી હોસ્પિટલનો મોટો ભાગ બચી ગયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી. જો કે, આ ભયાનક આગ લાગવાની ઘટનાને કારણે હોસ્પિટલના સ્ટોર રૂમમાં રાખવામાં આવેલો વિવિધ સામાન, ઈલેક્ટ્રિક વાયરિંગ સહિતની ઘણી કિંમતી વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી, જેના લીધે મોટું આર્થિક નુકસાન થવા પામ્યું હતું.

NIRMA UNIVERSITY
INSTITUTE OF TECHNOLOGY
NAAC ACCREDITED 'A+' GRADE
INSTITUTE OF TECHNOLOGY
Admission Announcement 2026
MTech Programmes

- Centre of Excellence Status by the Government of Gujarat
- Scholarship to all students
- Opportunity for Dual Degree Scheme - MTech plus PhD

Applications are invited for the MTech programmes in the following disciplines:
- Computer Science and Engineering
- Civil Engineering
- Electronics & Communication Engineering
- Mechanical Engineering
- Electronics & Instrumentation Engineering

LAST DATE TO APPLY 15th June, 2026

APPLY ONLINE

The details regarding eligibility, application and admission procedure are at your fingerstip :
https://admissions-mtech.nirmauni.ac.in/mtech.html
All communications be addressed to:
The Member Secretary (MTech Admission),
Institute of Technology, Nirma University, Ahmedabad.
pgadmissions.it@nirmauni.ac.in
+91-079-71652122, +91-079-71652000